# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 17.06.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

***************************************************

1) ફ્રાંસના એવિયનમાં આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે દ્વિપક્ષિય વાતચિત થશે.

2) પીએમ મોદી આજે એવિયનમાં સમાવિષ્ટ વિકાસ અને AI પરના G7 સત્રોમાં ભાગ લેશે- G-7 દેશો ભારત સહિત અનેક દેશો સાથે મળીને, વૈશ્વિક આરોગ્ય અને વિકાસ સહયોગને મજબૂત બનાવશે.

3) યમુના નદીના જીર્ણોદ્ધાર માટે કિશાઉ ડેમ પ્રોજેક્ટ માટે છ રાજ્યો વચ્ચે કરાર થયો

4) અમેરિકાએ ઇરાની બંદરો પર નૌકાદળની નાકાબંધીને હળવી કરવાનું શરૂ કર્યું

5) ક્રિકેટમાં આજે ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે બીજી વનડે રમાશે. જ્યારે મહિલા ક્રિકેટ વિશ્વકપમાં ભારતનો મુકાબલો નેધરલેન્ડસ સાથે થશે

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# MODI TRUMP

G-7 સમેલન દરમિયાન , પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે મુલાકાત કરશે.

શ્રી મોદી અને શ્રી ટ્રમ્પ વચ્ચે છેલ્લી મુલાકાત ગયા વર્ષે ફેબ્રુઆરીમાં અમેરિકામાં થઈ હતી. આજની બેઠકમાં બંને પક્ષો વચ્ચે અનેક ક્ષેત્રોમાં સહયોગ મજબૂત થવાની અને પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર વ્યાપક ચર્ચા થવાની અપેક્ષા છે.

પ્રસ્તુત છે એક અહેવાલ

*(પ્રધાનમંત્રી મોદી આજે G-7 ના બીજા સત્રમાં સમાવિષ્ટ વિકાસ અને AI અંગેના સત્રોમાં ભાગ લેશે. જેની વિષય વસ્તુ છે : બધાના લાભ માટે સંતુલિત, સમાવિષ્ટ અને ટકાઉ આર્થિક વિકાસને ફરીથી શરૂ કરવો. તેઓ નાણાકીય ભંડોળના સલામત, ઝડપી અને અસરકારક અમલીકરણ પર કાર્યકારી લંચમાં પણ હાજરી આપશે. પ્રધાનમંત્રી યુરોપિયન કાઉન્સિલના પ્રમુખ એન્ટોનિયો કોસ્ટા અને યુરોપિયન કમિશનના પ્રમુખ વોન ડેર લેયેન સાથે ત્રિપક્ષીય બેઠક કરશે. તેઓ જર્મન ચાન્સેલર ફ્રેડરિક મેર્ઝ સાથે પણ મુલાકાત કરશે.*

*ગઈકાલે શિખર સંમેલન દરમિયાન, , પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અનેક દેશોના નેતાઓ સાથે દ્વિપક્ષીય બેઠકો કરી હતી . પ્રધાનમંત્રીએ કેનેડા, જાપાન અને બ્રિટનના પ્રધાનમંત્રી તથા યુએઈના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાન સાથે મુલાકાત કરી હતી. તેમણે કેન્યા, દક્ષિણ કોરિયા અને ઇજિપ્તના રાષ્ટ્રપતિ સાથે પણ મુલાકાત કરી હતી. શ્રી મોદી એ આ દેશો સાથે સંબંધોને વધુ મજબૂત બનાવવા અને વિવિધ ક્ષેત્રોમાં સહયોગ વધારવાની તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો.)*

# REV. PM - OUTREACH SUMMIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તમામ દેશોને વિશ્વના દરિયાઈ માર્ગોની સુરક્ષા સુનિશ્ચિત કરવા અને ખલાસીઓને સંઘર્ષના જોખમોથી બચાવવા અપીલ કરી છે. ફ્રાન્સના એવિયનમાં G7 સમિટમાં આઉટરીચ સત્રમાં બોલતા, શ્રી મોદીએ કહ્યું કે વૈશ્વિક દરિયાઈ વેપાર દ્વારા બધા દેશોને જોડતા ખલાસીઓની સલામતી સુનિશ્ચિત કરવાની આપણી જવાબદારી છે.

સત્ર દરમિયાન, પ્રધાનમંત્રીએ આંતરરાષ્ટ્રીય ભાગીદારીમાં વિશ્વાસના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ભારતે હંમેશા માનવતાને પ્રાથમિકતા આપી છે, જે આંતરરાષ્ટ્રીય સૌર જોડાણ, આપત્તિ સ્થિતિસ્થાપક માળખા માટે ગઠબંધન, વૈશ્વિક બાયોફ્યુઅલ જોડાણ, મિશન લાઇફ અને માતાના નામે એક વૃક્ષ જેવી ભારતની આગેવાની હેઠળની પહેલોમાં પ્રતિબિંબિત થાય છે

# G7 ADOPTION

G-7 દેશો ભારત સહિત અનેક દેશો સાથે મળીને, વૈશ્વિક આરોગ્ય અને વિકાસ સહયોગને મજબૂત બનાવશે.

G-7 નેતાઓએ કોંગો અને યુગાન્ડામાં ઇબોલા ફરી ફાટી નીકળવા સામે લડવા માટે સંયુક્ત કાર્યવાહી કરવાની હાકલ કરી છે. ભારત, ઇજિપ્ત, કેન્યા અને દક્ષિણ કોરિયાએ પણ આ પહેલને ટેકો આપ્યો છે, જેમાં ચેપગ્રસ્ત લોકોને શોધવા, સરહદ દેખરેખ અને સમુદાય જોડાણનો સમાવેશ થાય છે. બધા સભ્યોએ ઇબોલા માટે રસીઓ, પરીક્ષણો અને સારવારના વિકાસમાં સહયોગનું પણ વચન આપ્યું છે.

G-7 એ કેન્સરનો ઈલાજ શોધવા માટેની તેની પ્રતિબદ્ધતાનો પણ પુનરોચ્ચાર કર્યો છે.

G-7 દેશોએ નબળા દેશોને મદદ કરવા અને મજબૂત આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવા માટે વિકાસ અને રોકાણ - ધિરાણમાં આંતરરાષ્ટ્રીય સહયોગ પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાનો પણ પુનરોચ્ચાર કર્યો છે.

# GOYAL - BHARAT INNOVATES

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે અગ્રણી વ્યાપારીઓ, સીઈઓ, રોકાણકારોને ઉજ્જવળ અને ટકાઉ ભવિષ્યના નિર્માણ માટે રોકાણ કરવા આમંત્રણ આપ્યું છે. ફ્રાન્સના નાઇસમાં ભારત ઇનોવેટ્સ 2026 ના સમાપન સમારોહને સંબોધતા, શ્રી ગોયલે ભારત-ફ્રાન્સ નવીનતા ભાગીદારીની અપાર સંભાવનાને પ્રતિબિંબિત કરતાં છેલ્લા ત્રણ દિવસમાં પ્રાપ્ત થયેલા પરિણામોમાં આશાવાદ અને વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને મેક્રોન વચ્ચે થયેલી વાતચિત પણ વધુ પ્રોત્સાહન પુરુ પાડશે તેવો તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

# HOME-MINISTER-KISHAU-PROJECT

યમુના નદીના જીર્ણોદ્ધાર માટે કિશાઉ ડેમ પ્રોજેક્ટ માટે છ રાજ્યો વચ્ચે કરાર થયો છે.

આ રાજ્યોમાં હિમાચલ પ્રદેશ, દિલ્હી, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, હરિયાણા અને રાજસ્થાનનો સમાવેશ થાય છે. આ કરાર ગઈકાલે નવી દિલ્હીમાં ગૃહમંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં થયો હતો. ગૃહ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે તમામ છ રાજ્યો વચ્ચે સમજૂતી કરાર પર હસ્તાક્ષર થયા પછી, કિશાઉ પ્રોજેક્ટ માટે કેબિનેટની મંજૂરી માંગવામાં આવશે.

કરાર અનુસાર, કેન્દ્ર સરકાર પ્રોજેક્ટનું 90 ટકા ભંડોળ પૂરું પાડશે. બાકીના 10 ટકા છ રાજ્યો દ્વારા વહેંચવામાં આવશે. એવી પણ સંમતિ થઈ છે કે હિમાચલ પ્રદેશને મળતું પાણી દિલ્હી અને રાજસ્થાન સાથે વહેંચવામાં આવશે.

ગૃહ મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ નિર્ણય યમુનાને સાફ કરવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# KRUSHI SAMMELAN

કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે ગઇકાલે નવી દિલ્હીમાં ઉચ્ચસ્તરીય કૃષિ સમીક્ષા બેઠક યોજી હતી

સાંભળીએ આ અંગે એક અહેવાલ

## (વોઇસ કાસ્ટ – પ્રશાંત કુમાર)

# REV. NTA DG-NEET

નેશનલ ટેસ્ટિંગ એજન્સી એ NEET પરીક્ષા પહેલા વાલીઓ અને ઉમેદવારોને છેતરપીંડી કરનારાઓથી સાવધ રહેવા વિનંતી કરી છે. NTA એ એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે સ્કેમર્સ ટેલિગ્રામ પર ચેનલો ચલાવી રહ્યા છે, ફરીથી પરીક્ષાના પેપર શેર કરવાનો દાવો કરી રહ્યા છે અને 14,000 થી 25,000 રૂપિયાની માંગ કરી રહ્યા છે

એજન્સીએ સ્પષ્ટ કર્યું કે કોઈ પુનઃપરીક્ષા પ્રશ્નપત્ર લીક થયું નથી. NTA એ ડિરેક્ટર જનરલ અભિષેક સિંહે મીડિયાને જણાવ્યું કે NTA ગેરરીતિમુક્ત પરીક્ષા પ્રક્રિયા સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છે અને તમામ પ્રશ્નપત્રો સુરક્ષિત રાખવામાં આવ્યા છે.

દરમિયાન ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે NEET ઉમેદવારો માટે રાજ્ય પરિવહન નિગમના બસ ભાડામાં 50 ટકા ડિસ્કાઉન્ટની જાહેરાત કરી છે. તેમણે મોહરમના સરઘસો દરમિયાન કાયદો અને વ્યવસ્થા જાળવવાનો પણ નિર્દેશ આપ્યો છે.

# US-IRAN PEACE DEAL

અમેરિકા એ ઇરાની બંદરો પર નૌકાદળના નાકાબંધીને હળવી કરવાનું શરૂ કરી દીધું છે.

વર્તમાન સંઘર્ષનો અંત લાવવા માટે તણાવ ઓછો કરવા તરફ આ એક મહત્વપૂર્ણ પગલું છે. ઇરાનના નાયબ વિદેશ મંત્રી એ આની પુષ્ટિ કરતા કહ્યું કે "નાકાબંધી હટાવવી એ એક મુદ્દો હતો જેના પર અમે શરૂઆતથી જ ભાર મૂક્યો હતો. હવે આ પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે, અને ઔપચારિક હસ્તાક્ષર થાય તે પહેલાં જ નાકાબંધી હટાવી લેવામાં આવી છે."

અહેવાલો દર્શાવે છે કે ઓછામાં ઓછા ત્રણ ઇરાની તેલ ટેન્કર અને બે કાર્ગો જહાજો ગઇકાલે કોઈપણ અવરોધ વિના હોર્મુંઝ સ્ટ્રેટમાંથી સફળતાપૂર્વક પસાર થયા. અમેરિકા અને ઇરાની પ્રતિનિધિમંડળો શુક્રવારે સ્વિટ્ઝર્લૅન્ડમાં ઐતિહાસિક શાંતિ કરાર પર ઔપચારિક રીતે હસ્તાક્ષર કરવા માટે મળશે. આશા છે કે આ કરાર પ્રાદેશિક ઉર્જા પ્રવાહને સ્થિર કરશે અને ભવિષ્યની રાજદ્વારી વાટાઘાટો માટે એક માળખું પૂરું પાડશે.

# CRICKET

ક્રિકેટમાં, ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે ત્રણ મેચની એક દિવસીય શ્રેણીની બીજી મેચ આજે બપોરે 1:30 વાગ્યે લખનૌમાં રમાશે. શુભમન ગિલની આગેવાની હેઠળની ભારતીય ટીમ હાલમાં 1-0થી આગળ છે. ધર્મશાળામાં રમાયેલી પહેલી મેચમાં ભારતે 7 વિકેટે જીત મેળવી હતી.

બીજી તરફ, શ્રીલંકામાં ત્રિકોણીય વન-ડે ક્રિકેટ શ્રેણીમાં આજે ભારત - A ટીમ અફઘાનિસ્તાન - A ટીમનો સામનો કરશે. આ મેચ સવારે 10:00 વાગ્યે શરૂ થશે.તિલક વર્માની આગેવાની હેઠળની આ ભારતીય ટીમ અત્યાર સુધી શ્રેણીમાં ફક્ત એક જ મેચ જીતી શકી છે

મહિલા ક્રિકેટમાં, આજે ICC મહિલા T20 વર્લ્ડ કપમાં ભારતનો મુકાબલો નેધરલેન્ડ્સ સામે થશે. આ મેચ યુકેના લીડ્સમાં ભારતીય સમય મુજબ સાંજે 7:00 વાગ્યે શરૂ થશે.આ શ્રેણીમાં ભારતે પોતાની પહેલી મેચમાં પાકિસ્તાનને 64 રનથી હરાવ્યું હતું .

# WOMEN-S-HOCKEY-IND-VS-JPN

ભારત હોકી મહિલા નેશન્સ કપના સેમિફાઇનલમાં પહોંચી ગયું છે. ગઈકાલે, ક્વાર્ટર ફાઇનલમાં, ભારતે જાપાનને 2-1 થી હરાવ્યું ભારત હાલમાં પૂલ A માં આગળ છે. ભારતનો આગામી મુકાબલો આવતીકાલે સવારે ઉરુગ્વે સામે થશે.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે મિતલ પટેલ

1. આજે મોટાભાગના અખબારોએ **G**-7 સમિટ તેમજ નીટ પેપર લીક અટકાવવા માટે ટેલિગ્રામ પર પ્રતિબંધના સમાચારોને પ્રથમ પાને છાપ્યા છે.
2. સંદેશ લખે છે **G**-7: રશીઓય પર વધુ આકાર પ્રતિબંધોની વિચારણા – **NEET UG**:22મી જૂન સુધી ટેલિગ્રામ એપ પર પ્રતિબંધ મુકાયો
3. નવગુજરાત સમય લખે છે -ટ્રમ્પની **G**-7 દેશોને ખાતરી **,**હવે યુક્રેન -રશિયા યુદ્ધનો અંત લાવીશ
4. દિવ્ય ભાસ્કરે લખ્યું નીટ **2.0** માં પેપર લીક ન થાય **,**તેથી **22** મી સુધી ટેલિગ્રામ બંધ
5. ઉપરાંત સ્થાનિક સમાચારોમાં**,**રાજુલામાં સિંહના હુમલામાં યુવકના મોત તેમજ ચોમાસાના આગમન માં વિલંબ ના સમાચાર વાંચવા મળી રહ્યા છે